ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

# પંચમહાલ-દાહોદ



### ખુલ્લેઆમ વેચાતી ઘાતક દોરી અનેક નિર્દોષ લોકો માટે જીવલેણ સાબિત થવાની સંભાવના

# લીમખેડા ખાતે ચાઈનીઝ દોરીનો કહેર મોઢાના ભાગે યુવક ગંભીર રીતે ઈજાગ્રસ્ત

**મોઢાના ભાગે** યુવક ગંભીર રીતે ઈજાગ્રસ્ત, માંડ માંડ જીવ બચ્યો



(પ્રતિનિધિ) લીમખેડા, તા.8

લીમખેડા ખાતે ચાઈનીઝ દોરીથી ઘાયલ થવાનો વધુ એક ગંભીર બનાવ બન્યો છે. કાકરી ડુગરી ગામના બે યુવકો મોટરસાયકલ લઈને લીમખેડા તરફ આવી રહ્યા હતા. તે દરમિયાન અચાનક માર્ગ પર લટકતી ચાઈનીઝ દોરી વાગતા એક યુવક ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયો હતો. આ બનાવે વિસ્તારમાં ચકચાર મચાવી દીધી છે અને ચાઈનીઝ દોરીના ગેરકાયદેસર વેચાણ સામે ફરી એકવાર કડક કાર્યવાહી કરવાની માંગ ઉઠી છે.

પ્રાપ્ત માહિતી મુજબ કાકરી ડુગરી ગામનો રાજેશ ડાંગી નામના યુવક લીમખેડા આવતાં રસ્તામાં હતો ત્યારે અચાનક ચાઈનીઝ દોરી તેની સામે આવી ગઈ હતી. ઝડપમાં રહેલી મોટરસાયકલ પર દોરી સીધી યુવકના ચહેરા તરફ વાગી હતી. ખાસ કરીને હોઠના અંદરના અને બહારના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી. દોરી એટલી તીખી હતી કે થોડા સેકન્ડોમાં જ લોહીલુહાણ સ્થિતિ સર્જાઈ ગઈ હતી.

ઘટનાની ગંભીરતા સમજી સાથી યુવકે તાત્કાલિક સમયસૂચકતા દાખવી મોટરસાયકલ અટકાવી અને આસપાસના લોકોની મદદથી ઈજાગ્રસ્ત યુવકને તાત્કાલિક ખાનગી હોસ્પિટલ ખાતે સારવાર અર્થે ખસેડવામાં આવ્યો હતો. ડોક્ટરોના જણાવ્યા મુજબ યુવકના હોઠના ભાગે અંદર અને બહાર મળી કુલ 15 જેટલા ટાંકા લેવા પડ્યા હતા. સમયસર સારવાર મળી જતાં અને દોરી વાગતા સાથે જ વાહન રોકી દેવામાં આવતા યુવકનો જીવ માંડ માંડ બચી ગયો હોવાનું જાણવા મળે છે.

આ ઘટનાને પગલે લોકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. લીમખેડા પંથકમાં વેપારીઓ બેફામ રીતે ગેરકાયદેસર ચાઈનીઝ દોરીનું વેચાણ કરી રહ્યા છે. પ્રતિબંધ હોવા છતાં ખુલ્લેઆમ વેચાતી આ ઘાતક દોરી અનેક નિર્દોષ લોકો માટે જીવલેણ સાબિત થવાની સંભાવના છે.

નાગરિકોએ તાત્કાલિક ચાઈનીઝ દોરી પર સંપૂર્ણ પ્રતિબંધ અમલમાં મૂકીને આવા વેપારીઓને શોધી તેમની સામે કડક કાયદેસર કાર્યવાહી કરવામાં આવે તેવી ઉગ્ર માંગ ઉઠાવી છે. ઉતરાયણ નજીક આવી રહી છે ત્યારે ચાઈનીઝ દોરી કેટલા લોકોને ભોગ બનાવશે.

### શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટીએ બાબતને ગંભીરતાથી લીધી

# ગોધરામાં ઉત્તરવહીઓ તપાસણી મુદ્દે અધ્યાપકો પાસે ખુલાસો મંગાશે

(પ્રતિનિધિ) ગોધરા, તા.8

શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી દ્વારા લેવાયેલી પરીક્ષાઓના પરિણામો સમયસર જાહેર થાય તે માટે યુનિવર્સિટી વહીવટી તંત્ર સક્રિય થયું છે. પરીક્ષા કાર્યમાં શિથિલતા દાખવીને તપાસ્યા વિના ઉત્તરવહીઓ પરત મોકલનાર અધ્યાપકો સામે યુનિવર્સિટી દ્વારા કારણદર્શક નોટિસ આપી ખુલાસો માંગવામાં આવશે.



ચાલુ વર્ષે પરીક્ષા બાદ ઉત્તરવહીઓ નિયત સમયમર્યાદામાં તપાસવા માટે વિવિધ કોલેજોના નિષ્ણાત અધ્યાપકોને મોકલાઇ હતી. યુનિવર્સિટીએ આ માટે વધારાનો સમય પણ ફાળવ્યો હતો.તેમ છતાં આશરે 11,000 થી વધુ ઉત્તરવહીઓ તપાસ્યા વિના પરત આવતા પરિણામ જાહેર કરવાની પ્રક્રિયામાં વિલંબ થયો છે. વિદ્યાર્થીઓના હિતને ધ્યાને રાખીને યુનિવર્સિટીએ આ બાબતને ગંભીરતાથી લીધી છે.

સમગ્ર મામલે યુનિવર્સિટીના કુલપતિ ડૉ. હરિભાઈ કાતરિયાએજણાવ્યું હતું કે,“અમે મોટાભાગની ઉત્તરવહીઓનું સેન્ટ્રલ એસેસમેન્ટ કર્યું છે પરંતુ જે બેકલોગ ના કોર્સ છે તેની ઉત્તરવહીઓ ઝડપથી તપાસાય તે હેતુથી અધ્યાપકોને ઘરે તપાસવા માટે આપી હતી. જે અધ્યાપકોએ આ ઉત્તરવહીઓ તપાસ્યા વગર પરત કરી છે.તેમની પાસેથી અમે ખુલાસો માંગીશું. જો કોઈ અધ્યાપક માંદગી કે રજા જેવા વ્યાજબી કારણોસર કાર્ય ન કરી શક્યા હોય તો તે અલગ બાબત છે. સામાન્ય રીતે યુનિવર્સિટી દ્વારા જે અધ્યાપકોને માન્યતા આપવામાં આવે છે.તેમની નૈતિક અને વહીવટી ફરજ છે કે તેઓ પરીક્ષા લક્ષી કાર્ય સમયસર પૂર્ણ કરે. કોઈ પણ વ્યાજબી કારણ વગર ઉત્તરવહીઓ પરત કરવાને કારણે હજારો વિદ્યાર્થીઓના પરિણામ અટવાયા છે.

ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

## ગતિવિધિ

### દાહોદ ખાતે ટીબી મુક્ત ભારત અભિયાન અંતર્ગત CME યોજાઈ




**દાહોદ ।** ઝાયડસ મેડિકલ કોલેજ અને હોસ્પિટલ, દાહોદ ખાતે તમામ વિભાગોના HOD તથા રેસિડેન્ટ ડોક્ટરો માટે સતત મેડિકલ એજ્યુકેશન (CME) કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. ઝાયડસ મેડિકલ કોલેજના કોન્ફરન્સ હોલ ખાતે આયોજિત આ કાર્યક્રમમાં માન. જિલ્લા ક્ષય અધિકારી ડો. આર.ડી. પહાડિયા તથા WHO કન્સલ્ટન્ટ ડો. જયદીપ ઓઝા અધ્યક્ષસ્થાને ઉપસ્થિત રહ્યા હતા. ડો જયદીપ ઓઝા દ્વારા ટીબી પ્રોગ્રામના નવા અપડેટ્સ, નવી સારવાર માર્ગદર્શિકા, Cy-TB ટેસ્ટ દ્વારા ટીબી ઇન્ફેક્શનનું નિદાન તથા ડ્રગ રેઝિસ્ટન્ટ (DR) ટીબી માટે ઉપલબ્ધ વિવિધ પરીક્ષણો અંગે માહિતી અપાઇ હતી. CMEમાં હાઈ રિસ્ક ટીબી દર્દીઓની સારવાર અને ફોલોઅપ, DR-TB રેજીમેન, OPDમાં આવતા વલ્નરેબલ પોપ્યુલેશનના દર્દીઓ માટે X-ray અને NAAT ટેસ્ટ ફરજિયાત કરાવવાનું તથા એક્સ્ટ્રા પલ્મોનરી ટીબીના સેમ્પલ માટે CBNAAT તપાસ કરવામાં આવે તો એમાં થી પણ ડીઆરટીબીના દર્દીઓ મળતા હોય છે.

### સિંગવડ તાલુકા પ્રાથમિક શાળા ખાતે સ્વચ્છતા રાખવા અંતર્ગત રેલી નીકળી



**સિંગવડ.** સિંગવડ તાલુકા પ્રાથમિક શાળા ખાતે સરદાર વલ્લભભાઈ પટેલ અધ્યયન મંદિર નડિયાદ દ્વારા એક કદમ ઉજાલે કી ઓર અને પાણી બચાવો સ્વચ્છતા રાખવા અંતર્ગત રેલી નીકળી હતી.સિંગવડ નગર ખાતે સિંગવડ તાલુકા પ્રાથમિક શાળા ખાતે સરદાર વલ્લભભાઈ પટેલ અધ્યયન મંદિર નડિયાદ તથા સિંગવડ પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ દ્વારા સિંગવડ નગર ખાતે “એકદમ ઉજાલે કી ઓર” અને “પાણી બચાવો” “સ્વચ્છતા રાખવા “અંતર્ગત રેલી સ્વરૂપે સિંગવડ નગરમાં ફર્યા હતા અને સૂત્રોચાર દ્વારા દરેકને સ્વચ્છતા રાખવા તથા પાણી બચાવવા માટે જાગૃત કરવામાં આવ્યા હતા આ કાર્યક્રમમાં પ્રાથમિક શાળાના શિક્ષકો પણ સાથે જોડાયા હતા જ્યારે દરેક મનુષ્ય પાણી બચાવવા તથા સ્વચ્છતા રાખવા માટે સમજી જાય તો આવનારા સમયમાં બહુ ઉપયોગી થાય તેમ છે

### ગોધરા ભરતી મેળામાં 2500થી વધુ જગ્યાઓ માટે ભરતી પ્રક્રિયા હાથ ધરાઈ

**ગોધરા ।** પંચમહાલ જિલ્લાના ગોધરા સ્થિત સ્વામિનારાયણ મંદિર હોલ ખાતે પંચમહાલ, મહીસાગર અને દાહોદ જિલ્લા રોજગાર વિનિમય કચેરીના સંયુક્ત ઉપક્રમે ક્લસ્ટર કક્ષાનો ઔદ્યોગિક ભરતી મેળો યોજાયો હતો. આ મેગા જોબ ફેરમાં રાજ્યની નામાંકિત કંપનીઓ સહિત કુલ 39 જેટલા નોકરીદાતાઓ ઉપસ્થિત રહ્યા હતા. જેમણે 2588 જેટલી ખાલી જગ્યાઓ માટે ઉમેદવારોની પસંદગી પ્રક્રિયા હાથ ધરી હતી. કાર્યક્રમમાં અધ્યક્ષસ્થાને ઉપસ્થિત રાજ્યસભા સાંસદ જશવંતસિંહ પરમારે જણાવ્યું હતું કે, પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં દેશની ઈકોનોમી હરણફાળ ભરી રહી છે અને ટૂંક સમયમાં તે વિશ્વમાં ત્રીજા ક્રમે પહોંચશે. તેમણે ઉમેર્યું હતું કે, દેશના જીડીપીમાં કૃષિ બાદ MSME સેક્ટરનો ફાળો 30 ટકા જેટલો માતબર છે. સાંસદે ઉપસ્થિત યુવાનોને ‘વિકસિત ભારત @2047’ના સંકલ્પને સાકાર કરવા અને સરકારી યોજનાઓનો લાભ લઈ આત્મનિર્ભર બનવા આહ્વાન કર્યું હતું. આ ભરતી મેળામાં જે.એસ.ડબલ્યુ., એમ.જી. મોટર, ટાટા સ્ટીલ, સુયોગ ઇલેક્ટ્રિકલ અને એલ.એન્ડ.ટી. જેવી પ્રતિષ્ઠિત કંપનીઓએ ભાગ લીધો હતો.



# ICAR દ્વારા વૈજ્ઞાનિક સમિતિમાં ડો.ટિંબડિયાની અધ્યક્ષ તરીકે નિમણૂક

ડો. સી.કે. ટિંબડિયાના અધ્યક્ષપદે પ્રથમ વર્ચ્યુઅલ બેઠક યોજાઈ



(પ્રતિનિધિ) હાલોલ, તા.8

ભારતભરમાં પ્રાકૃતિક કૃષિને શિક્ષણપ્રણાલીમાં મજબૂત રીતે સ્થાન આપવા માટે Indian Council of Agricultural Research (ICAR) દ્વારા મહત્વપૂર્ણ પગલું લેવામાં આવ્યું છે. ICAR દ્વારા પ્રાકૃતિક (નેચરલ) કૃષિ ક્ષેત્રે PG અને PhD સ્તરના અભ્યાસક્રમો તૈયાર કરવા માટે દેશભરના સાત વૈજ્ઞાનિકોની સમિતિની રચના કરવામાં આવી છે. આ સમિતિના અધ્યક્ષ તરીકે હાલોલ એગ્રો યુનિ.ના કુલપતિ. ડૉ. સી.કે. ટિંબડિયાની નિમણૂક કરવામાં આવી છે.

સમિતિની પ્રથમ બેઠક ડૉ. સી.કે. ટિંબડિયાના અધ્યક્ષપણા હેઠળ વર્ચ્યુઅલ માધ્યમથી યોજાઈ હતી. બેઠક દરમિયાન દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીના વિઝન અનુસાર પ્રાકૃતિક કૃષિને બાલવાટિકાથી માંડીને PhD સુધીના અભ્યાસક્રમમાં સમાવિષ્ટ કરવાની દિશામાં વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. ICAR દ્વારા લેવામાં આવેલા આ પગલાંને કૃષિ અને શિક્ષણ ક્ષેત્રે એક ઐતિહાસિક પહેલ તરીકે બિરદાવવામાં આવી છે.

બેઠકમાં આવનારા સમયમાં સફળ ખેડૂતો તથા પ્રાકૃતિક કૃષિના નિષ્ણાતોને પણ અભ્યાસક્રમ ઘડવાની પ્રક્રિયામાં જોડવાની વાત કરવામાં આવી હતી, જેથી અભ્યાસક્રમ વધુ વ્યવહારુ, વૈજ્ઞાનિક અને આત્મનિર્ભર ભારતના ભવિષ્ય માટે ઉપયોગી બની શકે તેમ છે.

## પાદરાના વિશ્રામપુરાની સીમમાં જુગાર રમતા ત્રણ ઈસમો ઝડપાયા

(પ્રતિનિધિ) પાદરા, તા. 8

પાદરા તાલુકાના વિશ્રામપુરા ગામની સીમ વિસ્તારમાં મોગલવગા પાછળ, વિશ્રામપુરાથી લોલા તરફ જતી નહેર પાસે ખુલ્લી જગ્યામાં આંબાના ઝાડ નીચે કેટલાક ઈસમો પૈસાથી પત્તા-પાનાં વડે હારજીતનો જુગાર રમી રહ્યા હતા. તે દરમિયાન પાદરા પોલીસ દ્વારા દરોડો પાડવામાં આવ્યો હતો, જેમાં ત્રણ ઈસમોને ઝડપી પાડવામાં આવ્યા હતા. દરોડા દરમિયાન દાવ પરના રોકડ તથા અંગ ઝડતીમાંથી કુલ રૂ. 26,880/- નો મુદ્દામાલ કબજે કરાયો હતો. પકડાયેલા ઈસમોમાં અશોક પુનમ વાળંદ, (રહે. વિશ્રામપુરા), મહેશ જયંતી પઢિયાર, (રહે. લોલા) અને તખતસિંહ માવસંગ પઢિયાર, (રહે. લોલા) નો સમાવેશ થાય છે.

### ઘટનાની ગંભીરતા જોતા ડીવાયએસપી સહિતનો કાફલો ઘટનાસ્થળે પહોંચ્યો

# દાહોદ : દરોડા દરમિયાન બૂટલેગરોનો પોલીસ પર હુમલો, જમાદાર ઘાયલ

(પ્રતિનિધિ) દાહોદ, તા.8

દાહોદ જિલ્લામાં દારૂબંધીના કહેવાતા કડક અમલ વચ્ચે એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. દાહોદ ગ્રામ્ય વિસ્તારમાં રળિયાતી હોળી આંબા ફળિયામાં પ્રોહિબિશન રેડ દરમિયાન બુટલેગરો દ્વારા પોલીસ પર કુહાડી વડે હુમલો કરવામાં આવ્યો હતો, જેમાં એક પોલીસ જમાદાર ગંભીર રીતે ઘાયલ થયા છે.



પ્રાપ્ત માહિતી અનુસાર, દાહોદ ગ્રામ્ય પોલીસ બાતમીના આધારે પ્રોહિબિશન રેડ કરવા ગઈ હતી. રેડ દરમિયાન સ્થળ પર હાજર બુટલેગરો દ્વારા અચાનક પોલીસ ટીમ પર હુમલો કરવામાં આવ્યો હતો. આ હુમલામાં પોલીસ જમાદારના માથાના ભાગે ગંભીર ઈજા પહોંચી હતી. ઘટનાની ગંભીરતા જોતા તેમને તાત્કાલિક 108 એમ્બ્યુલન્સ મારફતે દાહોદની ઝાયડસ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા, જ્યાં તેમની સારવાર ચાલી રહી છે.

હુમલો કરી બુટલેગરો ઘટના સ્થળેથી ફરાર થઈ ગયા હોવાનું જાણવા મળ્યું છે. પોલીસ દ્વારા આરોપીઓને ઝડપી પાડવા માટે વિશેષ ટીમો બનાવવામાં આવી છે અને સર્ચ ઓપરેશન શરૂ કરવામાં આવ્યું છે. ઘટનાની ગંભીરતા જોતા ડીવાયએસપી જગદીશ ભંડારી સહિતના ઉચ્ચ અધિકારીઓ ઘટના સ્થળે પહોંચ્યા હતા અને સમગ્ર મામલે તપાસ હાથ ધરવામાં આવી છે.

ઉલ્લેખનીય છે કે દાહોદ જિલ્લામાં દારૂબંધીના અમલ દરમિયાન અગાઉ પણ પોલીસ પર હુમલાની ઘટનાઓ સામે આવી ચૂકી છે. આ બનાવે ફરી એકવાર બુટલેગરોની હિંમત અને કાયદો-વ્યવસ્થાને પડકાર આપતી સ્થિતિ સામે ગંભીર સવાલો ઉભા કર્યા છે.

# દાહોદમાં પાણીપુરી-નાસ્તાની લારીઓ પર નગરપાલિકાનું સરપ્રાઈઝ ચેકિંગ

**11 નમૂનાઓ** લેબમાં મોકલાયા : ગંદકી ફેલાવનાર હોટલો સીલ



(પ્રતિનિધિ) દાહોદ, તા.8

દાહોદ શહેરમાં દાહોદ નગરપાલિકા દ્વારા પાણીપુરી તેમજ નાસ્તાની લારીઓ તેમજ દુકાનોમાં સરપ્રાઈઝ ચેકીંગ હાથ ધરવામાં આવ્યું હતું.જેમાં પાણીપુરીની લારીઓના વેપારીઓ પાસેથી પાણીપુરીના પાણીના નમુનાઓ લઈ પૃથ્થકરણ માટે મોકલી આપવામાં આવ્યાં છે તેની સાથે સાથે દાહોદ શહેરમાં કાર્યરત આર.ઓ. વોટરનો વેપાર કરતાં વેપારીઓના ત્યાં પણ તપાસ હાથ ધરવામાં આવી છે. વધુમાં થોડા દિવસો પહેલા પાલિકા તંત્ર દ્વારા દાહોદ શહેરમાં ગંદકી ફેલાવનાર હોટલો ને સીલ કરવામાં આવી હતી તે હોટલોના માલિકો પાસેથી એફીડેવીટ મારફતે બાંહેધરી લઈ તેઓની હોટલો પુનઃ શરૂ કરવાની મંજુરી પણ આપવામાં આવી છે.

આરોગ્ય વિભાગની ટીમ દ્વારા આજરોજ દાહોદ શહેરમાં પાણીપુરી તેમજ નાસ્તાની લારીઓ પર ચેકીંગ હાથ થયું હતું જેમાં પાણીપુરીની લારીઓના પાણીની તપાસ કરવામાં આવી હતી. દાહોદ શહેરના અલગ અલગ વિસ્તારમાં પાણીપુરીની દુકાન ચલાવનાર ૧૧ જેટલા વેપારીઓના પાણીપુરીના પાણીના નમુનાઓ લઈ પૃથ્થકરણ માટે લેબમાં મોકલી આપવામાં આવ્યાં છે. આ ઉપરાંત દાહોદ શહેરમાં આર.ઓ. વોટરનો ધંધો કરતાં વેપારીઓના ત્યાં પણ પાલિકા તંત્રની આરોગ્ય ટીમ દ્વારા ચેકીંગ હાથ ધર્યું હતું જેમાં પણ તપાસ કરી પાણીના નમુનાઓ લઈ જરૂરી કાર્યવાહી હાથ ધરવામાં આવી છે ત્યારે બીજી તરફ દાહોદ શહેરમાં છેલ્લા ઘણા સમયથી લોકોની ફરિયાદો ઉઠવા પામી હતી. જેમાં મુખ્યત્વે દાહોદ શહેરમાં હોટલોના માલિકો દ્વારા અને લારી ગલ્લાવાળાઓ દ્વારા હોટલોનો એંઠવાડ અને ગંદકી રસ્તા પર તેમજ ભૂગર્ભ ગટરમાં નાંખવામાં આવતી હતી.

### દાહોદ જિલ્લાના ફતેપુરા તાલુકાના કરોડીયા પૂર્વ ગામે રખડતાં ઢોરનો આતંક, બે આખલાઓના યુદ્ધમાં વાહનોને ભારે નુકસાન




દાહોદ જિલ્લાના ફતેપુરા તાલુકાના કરોડીયા પૂર્વ ગામે રખડતા ઢોરના ત્રાસથી સ્થાનિકોમાં ભય અને રોષની લાગણી જોવા મળી રહી છે. ગામના ઉખરેલી રોડ પર સાહેલી હાર્ડવેર પાસે બે રખડતા આખલાઓ વચ્ચે અચાનક યુદ્ધ શરૂ થતાં મુખ્ય માર્ગ પરથી પસાર થતા અનેક વાહનોને અડફેટે લીધા હતા. આ ઘટનામાં એક રીક્ષા આખલાઓના યુદ્ધમાં ફસાઈ જતા પલટી મારી હતી, જેમાં રીક્ષા ચાલકને ગંભીર ઈજાઓ પહોંચી હતી. ઈજાગ્રસ્ત ચાલકને તાત્કાલિક સારવાર માટે નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. આ અકસ્માતમાં રીક્ષા સહિત અન્ય વાહનોને પણ ભારે નુકસાન પહોંચ્યું હોવાનું જાણવા મળ્યું છે. ઉલ્લેખનીય છે કે આખલાઓ વચ્ચેના યુદ્ધના જીવંત દ્રશ્યો નજીકમાં લાગેલા સીસીટીવી કેમેરામાં કેદ થયા છે, જે હાલ સામે આવ્યા છે. આ દ્રશ્યોમાં સ્પષ્ટ જોવા મળે છે કે કેવી રીતે રખડતા પશુઓ વાહનચાલકો માટે જીવલેણ સાબિત થઈ રહ્યા છે.

## પંચમહાલ જિલ્લા રાજપૂત સમાજ દ્વારા ભવ્ય શતાબ્દી મહોત્સવ ઉજવાશે

(પ્રતિનિધિ) ગોધરા, તા.8

પંચમહાલ જિલ્લા રાજપૂત સમાજની સ્થાપના થયે આ ડિસેમ્બર - 2025 માં 100 વર્ષ પૂર્ણ થયા છે.ત્યારે ટ્રસ્ટ તેના ગૌરવશાળી અસ્તિત્વના 100 વર્ષ પૂર્ણની ઉજવણી અર્થે આ ઐતિહાસિક શતાબ્દી વર્ષની ઉજવણી તારીખ 9 જાન્યુઆરી અને 10 જાન્યુઆરી ના રોજ આયોજન કરવામાં આવ્યું છે.તારીખ 9 ના રોજ 12 થી 1 ના સમય ગાળામાં સમાજ દ્વારા વિશાળ શોભાયાત્રા (વાહનોમાં) નું આયોજન ભાગરૂપે ટ્રસ્ટ દ્વારા ભવ્ય લોકડાયરાનું આયોજન કરવામાં આવ્યું છે. શતાબ્દી મહોત્સવ અંતર્ગત આગામી 9 જાન્યુઆરી, 2026ના રોજ શુક્રવારની રાત્રે લોકસાહિત્ય અને ભજનનો વિશેષ કાર્યક્રમ યોજાશે. આ લોકડાયરામાં ગુજરાતના સુપ્રસિદ્ધ લોકગાયક કિર્તીદાન ગઢવી પોતાની લોકકલા દ્વારા હાજર રહેશે. જેમાં તેમના લોકગીતો અને ભજનો દ્વારા સમગ્ર માહોલ લોકસંગીતમય બનશે.

# ઝાલોદના મહુડી ગામની પરિણીતાએ પતિના ત્રાસથી કંટાળી કુવો પૂર્યો

**માનસિક** ત્રાસ આપી મરવા માટે મજબૂર કરી

(પ્રતિનિધિ) દાહોદ, તા.7

ઝાલોદ તાલુકાના મહુડી ગામની ૨૩ વર્ષીય પરિણીતાએ પતિ તેમજ સાસુ સસરા દ્વારા પિતાના ઘરે |મુકેલ લગ્નના ઘરેણા લઈ -આવવા દબાણ કરી મારકૂટ કરી ગુજારવામાં આવતા શારીરિક અને માનસિક ત્રાસથી કંટાળીને ગામ નજીક આવેલ નદી પાસેના કૂવામાં પડતું મૂકી મોત મીઠું કરી લીધાની પોલીસમાં ફરિયાદ થયા નું સત્તાવાર રીતે જાણવા -મળ્યું છે.

પ્રાપ્ત વિગત અનુસાર ઝાલોદ તાલુકાના જેતપુર ગામના માતા ફળિયામાં રહેતી 48 વર્ષીય શ્રીમતી વીરાબેન ‘ખુમસીંગભાઈ ડામોરની ઝાલોદ તાલુકાના મહુડી ગામે પરણાવેલ ૨૩ વર્ષીય દીકરી સેજલબેનને તેના પતિ મહુડી ગામના જીતેન્દ્ર કિરણભાઈ કટારા તથા તેના સસરા કિરણ મલાભાઈ કટારા તેમજ સાસુ સુમિત્રાબેન કિરણભાઈ કટારા એમ ત્રણેય જણાએ ભેગા મળી, તારા લગ્નના ઘરેણાં તારા પિતાના ઘરે કેમ મૂકી રાખેલ છે? તે ઘરેણા લઈ આવ. તેમ જણાવી મહેણાં ટોણાં મારી તેમજ મારઝૂડ કરી શારીરિક અને માનસિક ત્રાસ આપી મરવા માટે મજબૂર કરતાં, રોજે રોજના ત્રાસથી કંટાળીને સેજલ બેને મહુડી ગામ નજીક આવેલ નદી પાસેના કૂવામાં પડતું મૂકી આત્મહત્યા કરી લીધી હતી. આ મામલે પ્રાથમિક તબક્કે ઝાલોદ પોલીસે સીઆરપીસી 174 મુજબ અકસ્માત મોતના ગુનાના કાગળિયા કરી આગળ તપાસ હાથ ધરી હતી.

તે દરમિયાન મરણ જનારા સેજલબેન ની માતા વીરાબેના ખુમસીંગભાઈ ડામોરે ઉપરોક્ત-કેફિયત ભરી ફરિયાદ ઝાલોદ પોલીસ સ્ટેશનમાં કરતા પોલીસે આ સંદર્ભે મરણ જનાર સેજલબેનના પતિ જીતેન્દ્ર કુમાર કિરણભાઈ કટારા, સસરા કિરણભાઈ મલાભાઈ કટારા તેમજ સાસુ સુમિત્રાબેન કિરણભાઈ કટારા વિરુદ્ધ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી તે ત્રણેયની ધરપકડના ચક્રો ગતિમાન કર્યા છે

**જાહેર નોટીસ** શ્રી આઇ.પી.પઠાણ,મામલતદાર સંતરામપુર અને એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટની કોર્ટમાં

અરજદાર :- બરંડા દાજીભાઇ ફતાભાઇ
રહે. વેણા, તા.ગોધર
નં.જન્મ-મરણ અપીલ કેસ નં.298/2025

વિરૂધ્ધ

સમાવાળા :- સામાવાળા તલાટી કમ મંત્રીશ્રી, વેણા

આથી જાહેર જનતાને તેમજ લાગતા વળગતા હિત ધરાવતા તમામ ઇસમોને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, ઉપરોક્ત અરજદારે તેમના પુત્ર નામે આશિષભાઇ બરંડાનું જન્મ તારીખ 30-11-2023ના રોજ વેણા તા.સંતરામપુર મુકામે થયેલ હતુ. તેવું અમારી સમક્ષ જાહેર કરી અરજદારે નામે આશિષભાઇ બરંડા ના જન્મની નોંધ સામાવાળાના જન્મ રજીસ્ટરે કરવાની રહી ગયેલ હોઇ, સામાવાળાને રજીસ્ટરે જન્મની નોંધણી કરાવવા સારૂ અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. વાસ્તે સદરહુ અરજદારની અરજી સામે, જે કોઈ લાગતાં વળગતા ઇસમોને વાંધો-તકરાર હોય તો તેમણે આ કોર્ટની સમક્ષ તારીખ, 20-01-2026 ના રોજ બપોરે 12.00 કલાકે લેખીતમાં પોતાના વાંધા-તકરાર રજુ કરવા. જો તેમ કરવામાં કસુર કરશો તો આ કોર્ટ સદર અરજી અંગે કાયદેસરની આગળની કાર્યવાહી કરશે.જેની નોંધ લેશો.

આજ તારીખ. 30/12/2025 ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો,

કોર્ટનો સિક્કો

મામલતદાર સંતરામપુર અને
એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ

**જાહેર નોટીસ** એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદાર ગરબાડાની કોર્ટમાં

અરજદાર :- મીનામા મુકેશભાઇ સોમલાભાઇ
રહે.દેવધા, તા.ગરબાડા, જિ.દાહોદ
કેસ.નં.૪૦૫/૨૦૨૫
તા. ૧૮/૧૨/૨૦૨૫

વિરૂધ્ધ

સમાવાળા :- તલાટી કમ મંત્રીશ્રી,દેવધા,તા.ગરબાડા, જિ.દાહોદ

જન્મ મરણ અધિનિયમ કલમ : ૧૩(૩) મુજબની જન્મની નોંધણી કરવા બાબત

આથી તમામ લાગતા વળગતા ઇસમોને જણાવવામાં આવે છે કે,અત્રેની કોર્ટના અરજદારશ્રી મીનામા મુકેશભાઇ સોમલાભાઇના પુત્ર નામે મીનામા રોહિતભાઈ મુકેશભાઈનો જન્મ તા.૦૪/૦૩/૨૦૦૯ના રોજ ગામ.દેવધા, તા.ગરબાડા, જિ.દાહોદ મુકામે તેઓના નિવાસ સ્થાને થયેલ છે, જે અરજી અને સોગંદનામાથી જાહેર કરેલ અરજદારના પુત્રના જન્મ થયેલ ત્યારે અરજદાર દ્વારા જન્મની નોંધણી તલાટી કમ મંત્રીશ્રી દેવધા, તા.ગરબાડા,જિ.દાહોદના જન્મ મરણ નોંધણી રજીસ્ટરમાં નોંધ કરાવેલ નથી. તેથી સદરહુ અરજદારને તેમના પુત્રના જન્મના દાખલાની જરૂરિયાત હોઈ અરજદાર જન્મ મરણ અધિનિયમની કલમ નં. ૧૩(૩) મુજબ અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરની અરજી દાખલ કરેલ છે. જેથી ઉપરોક્ત બાબતે લાગતાં વળગતા જે કોઈ ઈસમને વાંધો,વિરોધ યા તકરાર હોય તો તેઓએ દિન ૧૫ (પંદર) માં કે પહેલા જાતે યા વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટ સમક્ષ હાજર રહેવું. જો તેમ કરવામાં કસુર કરવામાં આવશે તો અરજદારની ઉપરોક્ત અરજી બાબતે નામદાર કોર્ટ દ્વારા યોગ્ય હુકમ કરવામાં આવશે જે અંગે નોંધ લેશો.

તારીખ : ૧૮/૧૨/૨૦૨૫
સ્થળ : ગરબાડા

કોર્ટનો સિક્કો

એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને
મામલતદાર ગરબાડા